ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર | શનિવાર ૭ ફેબ્રુઆરી, ૨૦૨૬

અમદાવાદના કિન્નરોએ ધાર્મિક લાગણી દુભાવવાનું કૃત્ય આચર્યું, પેટલાદના કિન્નરોએ ડે.કલેક્ટરને આપ્યું આવેદનપત્ર

પેટલાદમાં કિન્નરોની સમાધિ ઉપર ઘાતક હુમલો

અમદાવાદ અને પેટલાદના કિન્નરો વચ્ચે દોઢેક વર્ષથી ચાલતી સંપ્રદાયની લડાઈ ઉગ્ર બની

(પ્રતિનિધિ) પેટલાદ તા.6

પેટલાદમાં અતિ પૌરાણિક કિન્નરોનો અખાડો આવેલ છે. અહીંયા તેરમી સદીથી કિન્નરો વસવાટ કરતા આવ્યા છે. આ અખાડો સનાતન ધર્મ સાથે સંકળાયેલ છે. પરંતુ છેલ્લા દોઢેક વર્ષથી અમદાવાદ અને પેટલાદના કિન્નરો વચ્ચે સંપ્રદાયની લડાઈ શરૂ થઈ છે. જે ગતરોજ કપડવંજ ખાતે પણ જોવા મળી હતી. અમદાવાદના જે કિન્નરો કપડવંજ ગયા હતા, તે પૈકીના કેટલાક કિન્નરો અને માથાભારે ઈસમો પેટલાદ ખાતે ધસી આવ્યા હતા. પરંતુ બાતમીના આધારે પેટલાદ અખાડા ખાતે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાતા અમદાવાદના કિન્નરોએ પેટલાદના કિન્નરોની સમાધિ ખાતે હુમલો કર્યો હતો. જ્યાં ધાર્મિક લાગણી દુભાય તેવા અને અપમાનજનક કૃત્યો કર્યા હતા. ઉપરાંત સમાધિ સ્થળે તોડફોડ કરવામાં આવી હતી. જેને કારણે પેટલાદ અખાડાના કિન્નરોમાં ભયનો માહોલ સર્જાયો હતો. આ હુમલાને લઈ પેટલાદના કિન્નરોએ આજરોજ ડે.કલેક્ટરને આવેદન આપી ન્યાયની માંગણી કરી છે.

પેટલાદ ખાતે આશરે 850 વર્ષ જુનો કિન્નરોનો અખાડો આવેલ છે. આ શ્રી દાદા ગંગારામ કિન્નર અખાડા ખાતે લગભગ 100થી વધુ કિન્નરો વર્ષોથી વસવાટ કરે છે. સનાતન ધર્મ સાથે સંકળાયેલ આ અખાડો હિન્દુ વૈષ્ણવ રામાનંદી સંપ્રદાયની વિચારધારા રાખે છે. જ્યારે અમદાવાદના કિન્નરો મીરાં જમાલદાદાના સંપ્રદાય સાથે છે. જેઓ મોગલ સમયથી મુસ્લિમ ગાદીપતિના નિતી નિયમો પાળે છે. એટલે કે અમદાવાદ અને પેટલાદ અખાડા વચ્ચે વિચારધારાના યુદ્ધના મંડાણ શરૂ થયા છે. પેટલાદ અખાડા સાથે ખંભાત, માતર, કપડવંજ, મહેમદાવાદ, ખેડા નડીયાદ વગેરે સંકળાયેલ છે. જેઓ સનાતન હિન્દુ ધર્મ સાથે છે, જ્યારે અમદાવાદ બાજુના કેટલાક અખાડા મહંમદ બેગડાના અનુયાયી હોવાનું માનવામાં અાવે છે. એટલે અમદાવાદના કિન્નરો ચરોતરના અખાડા કબ્જે

તસવીરઃ વિનાયક આણંદજીવાલા

કરવા માંગે છે. જેના ભાગરૂપે ગતરોજ કપડવંજ ખાતે શ્રી દાદા ગંગારામ અખાડાના એક ધાર્મિક મહોત્સવમાં અમદાવાદના કિન્નરો દ્વારા હુમલાનો પ્રયાસ કર્યો હતો. જો કે ખેડા જીલ્લા પોલીસની સમય સૂચકતાને કારણે કોઈ અગમ્ય ઘટના બનવા નથી પામી. પરંતુ અમદાવાદના આ કિન્નરો આઠ દસ ગાડીઓમાં કિન્નરો અને બાઉન્સરો પેટલાદ ખાતે હુમલાના આશયથી આવી પહોંચ્યા હોવાનું ઝારા કુંવર પૂજા કુંવર માસીએ જણાવ્યું હતું. તેઓએ ગતરાત્રીના બનાવની વિસ્તૃત માહિતી આપતા કહ્યું હતું કે, ગુરૂવાર રાત્રે 10 વાગ્યાના સુમારે જમાલ દાદા મુસ્લિમ કિન્નર સંપ્રદાય અમદાવાદના ભાવનાદે કનુદે પાવૈયા, કશીસદે ભાવનાદે પાવૈયા, બુલબુલદે પાવૈયા, હેતલદે પાવૈયા સહિત તેઓના ચેલા, બાઉન્સરો વગેરે આઠેક ગાડીઓ ભરી પેટલાદ અખાડાની સમાધિ સ્થળે ધસી આવ્યા હતા. જ્યાં તેઓએ તોડફોડ અને શૌચક્રિયા કરી અમારી ધાર્મિક લાગણીઓનું અપમાન કર્યું છે.

આ ઉપરાંત દાદા ગંગારામ સહિત ગુરૂ નાયકની સમાધિઓ ઉપર ઘાઘરો અને ગોળ મૂકી અમારી પવિત્ર પરંપરાનું પણ અપમાન કર્યું છે. કૈલાસ ધામ પાછળ આવેલ અમારા આ સમાધિ સ્થળે ગેરકાયદેસર પ્રવેશ કરી આસ્થા તથા ધાર્મિક લાગણીઓ દુભાવી, તોડફોડ કરી ભય અને અશાંતિ ફેલાવી છે. જેને કારણે પેટલાદ અખાડાના કિન્નરો પણ હાલ ભયના માહોલ હેઠળ હોવાનું ઝારા કુંવર પુજા કુંવર માસીએ જણાવ્યું હતું. આ ઘટનાને લઈ પેટલાદ અખાડાના કિન્નરોએ ડે.કલેક્ટરને આવેદનપત્ર આપી દોષિતો સામે ગુનો દાખલ કરી ન્યાયની માંગણી કરી હતી.પેટલાદ અખાડાના ઝારા કુંવર પુજા કુંવર માસીએ જણાવ્યું હતું કે આ કોઈ હિન્દુ - મુસ્લિમની નહિ, પરંતુ સંપ્રદાયની લડાઈ છે. ચરોતરમાં કુલ 12 અખાડા હતા. જેમાંથી 6 જેટલા અખાડા અમદાવાદના કિન્નરોએ પડાવી લીધા છે.

દોઢ વર્ષ બાદ પુનરાવર્તન

પેટલાદ અખાડાના કિન્નરો ઉપર જુલાઈ 2024માં માણેજ સ્થિત આશ્રમ બહાર જીવલેણ હુમલો થયો હતો. જે વખતે પણ પેટલાદના કિન્નરોએ પોલીસ ફરીયાદ સહિત આવેદનપત્ર પણ આપ્યા હતા. છતાં દોઢ વર્ષ બાદ ફરી એકવાર અમદાવાદ અને ચરોતરના કિન્નરો વચ્ચે સંપ્રદાય તથા વિચારધારાનું યુદ્ધ છેડાયું છે.

ઘાઘરો અને ગોળની ધાર્મિક પરંપરા

પેટલાદ અખાડા દ્વારા આપેલ આવેદનમાં ઉલ્લેખ કરાયો છે કે ઘાઘરો અને ગોળ આપવાની વિધી માત્ર ગુરૂ દ્વારા શિષ્યના સ્વીકાર સમયે કરવામાં આવે છે. આ ખૂબ જ પવિત્ર અને ધાર્મિક પરંપરા છે. આ વિધીનો ઉપયોગ અપમાન તથા અશુદ્ધ કૃત્ય માટે કરવો એ અમારા સમાજ માટે મહાપાપ ગણાય છે. જે ગતરોજ રાત્રીએ અમદાવાદના કિન્નરોએ પેટલાદ અખાડાની સમાધિઓ ઉપર કર્યુ હતું.

ઠાસરાના ડાભસરમાં કેનાલમાં કાર ખાબકતા વૃદ્ધનું કરુણ મોત

નડિયાદ ફાયરબ્રિગેડ અને સ્થાનિક તરવૈયાની 7 કલાકની ભારે જહેમત બાદ અંધાડીના વૃદ્ધનો મૃતદેહ મળ્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.6

ઠાસરાના ડાભસર ગામ પાસે આવેલ કેનાલમાં એક સ્વીફ્ટ ડીઝાયર કાર અચાનક ખાબકતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં અંધાડી ચપટીયા વિસ્તારમાં રહેતા મહેન્દ્રભાઈ મોતીભાઈ પટેલ (ઉ.વ. 65થી 70) નું કરુણ મોત નીપજ્યું છે. આ ઘટનાને પગલે સ્થાનિક પંથકમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે.

આ ઘટનાની જાણ થતા જ નડિયાદ ફાયરબ્રિગેડ અને સ્થાનિક તરવૈયાઓની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી અને યુદ્ધના ધોરણે બચાવ કામગીરી તેમજ શોધખોળ શરૂ કરવામાં આવી હતી. અંદાજે સાત કલાકની ભારે જહેમત બાદ કેનાલમાં ડૂબેલી ગાડીનું લોકેશન ટ્રેસ કરવામાં સફળતા મળી હતી.

બાદમાં ક્રેઈનની મદદથી કેનાલના ઊંડા પાણીમાંથી સ્વીફ્ટ ડીઝાયર ગાડીને બહાર કાઢવામાં આવી હતી. ગાડી બહાર કાઢતા જ તેમાંથી વૃદ્ધ મહેન્દ્રભાઈનો મૃતદેહ મળી આવ્યો હતો. આ અકસ્માતને કારણે સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે.

આણંદમાં પેટ્રોલ પંપના કર્મી પર 4 જણનો હુમલો

કારમાં હવા કેમ ભરતો નથી ? તેમ કહી દંડાથી મારમાર્યો

(પ્રતિનિધિ) આણંદ, તા. 6

આણંદ શહેરના પેટ્રોલ પંપ પર કામ કરતાં કર્મચારીને કારમાં પેટ્રોલ પુરવા આવેલા ચાર શખસને લાકડાના દંડાથી હુમલો કર્યો હતો. આ શખસોએ કારના ટાયરમાં હવા કેમ પુરતો નથી ? તેમ કહી તુટી પડ્યાં હતાં.

આણંદ શહેરના રાજશીવાલય પાછળ લાખાજી પાર્કમાં રહેતા શેલષ ઉમેદભાઈ ચાવડા સોજિત્રા રોડ પર વિષ્ણુપ્રીયા પેટ્રોલ પંપ પર ફરજ બજાવે છે અને તેઓ 5મીના રોજ ફરજ પર હતાં તે સમયે મોડી રાત્રિના એક કારમાં ચાર શખસ આવ્યાં હતાં. આ શખસોએ રૂ.500નું પેટ્રોલ પુરાવ્યું હતું. જોકે, કારના આગલા વ્હીલમાં હવા ન હોવાથી શૈલેષ ચાવડાએ તેમનું ધ્યાન દોર્યું હતું. આથી, કાર ચાલક હવા પુરવા માટે પેટ્રોલ પંપના મશીન પાસે ગયાં હતાં. જોકે, તે સમયે કોઈ કર્મચારી હાજર ન હતાં. આથી, કારમાંથી પંકજ અને ઈર્ષાદ ઉર્ફે કાલી નામનો શખસ ઉતર્યો હતો અને શૈલેષને તુ હવા પુરવાનું કેમ કહું છું ? તેમ કહી માર મારવા લાગ્યાં હતાં. આ સમયે કારમાં સાથે આવેલા અન્ય બે શખસે પણ દંડા કાઢી શૈલેષ ચાવડાને મારમારવા લાગ્યાં હતાં. જોકે, બુમાબુમથી અન્ય કર્મચારી દોડી આવ્યાં હતાં. આથી, ચારેય શખસ જતાં રહ્યાં હતાં. આ અંગે શૈલેષ ચાવડાએ આણંદ ટાઉન પોલીસ મથકે પંકજસિંહ ખુમાનસિંહ પરમાર, ઈર્ષાદ ઉર્ફે કાલી, નિરવ મારવાડી અને રોહિત મહેશ દરબાર સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પ્રજાના સ્વાસ્થ્ય સાથે ખીલવાડ કરનારા તત્વો સામે તંત્રની લાલ આંખ

આણંદની બે જાણીતી પેઢીને 3.40 લાખનો દંડ ફટકાર્યો

આણંદની શ્રી કેટરર્સના 'ઘી' અને લા વિલાયતીના 'પનીર'ના નમૂના ફેઈલ

(પ્રતિનિધિ) આણંદ તા.6

આણંદ શહેરમાં ખાણીપીણીની વસ્તુઓમાં ભેળસેળ અને હલકી ગુણવત્તાનો સામાન વાપરી લોકોના આરોગ્યને જોખમમાં મૂકતા વેપારીઓ સામે તંત્રએ આકરૂ વલણ અપનાવ્યું છે. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-2006ના ભંગ બદલ એજ્યુડીકેટીંગ ઓફિસર અને નિવાસી અધિક કલેક્ટર દ્વારા બે પેઢીઓને લાખો રૂપિયાનો દંડ ફટકારી લપડાક આપવામાં આવી છે.

આણંદના ફૂડ સેફ્ટી ઓફિસર દ્વારા તપાસ દરમિયાન આણંદ-સોજીત્રા રોડ પર આવેલ મે. લા વિલાયતીમાંથી લુઝ પનીર તેમજ ઠક્કરવાડી સ્થિત શ્રી કેટરર્સમાંથી 'કેશવ ઘી'ના નમૂના લેવામાં આવ્યા હતા. આ નમૂનાઓ લેબોરેટરી પરીક્ષણ માટે મોકલતા તે નિયત ધોરણો મુજબના ન હોવાનું અને 'સબ સ્ટાન્ડર્ડ' હોવાનું ફલિત થયું હતું હતું. ગ્રાહકોને ગુણવત્તાના નામે છેતરતી આ સંસ્થાઓ સામે તાત્કાલિક ધોરણે કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

આ કેસમાં એજ્યુડીકેટીંગ ઓફિસર અને નિવાસી અધિક કલેક્ટર ઋતુરાજ દેસાઈની કોર્ટે તમામ પુરાવાઓ અને રજૂઆતોને ગ્રાહ્ય રાખી કડક ચુકાદો આપ્યો છે. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-2006ની કલમ-50 અને 51 મુજબ શ્રી કેટરર્સ (ઠક્કરવાડી, આણંદ) ઘીના નમૂના ફેઈલ થતા રૂ. 3 લાખનો ભારે દંડ ફટકારાયો છે. જ્યારે મે. લા વિલાયતી (મારુતિ સોલારીસ, આણંદ)ને ત્યાં પનીરની હલકી ગુણવત્તા બદલ રૂ. 40 હજારનો દંડ કરાયો છે.

આ કડક કાર્યવાહીથી ભેળસેળિયા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે. આગામી દિવસોમાં પણ લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરનાર કોઈપણ એકમ સામે કડક પગલાં લેવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

પણસોરામાં કારનો કાચ તોડી 80 હજારની ઉઠાંતરી

નડિયાદથી પણસોરા મિત્રના ઘરે બેસવા આવેલા વ્યક્તિની કારમાંથી બેગ ઉઠાવી તસ્કરો ભાગી ગયા

(પ્રતિનિધિ) આણંદ તા. 6

ઉમરેઠના પણસોરા ગામમાં રહેતા વેપારીના ઘરે નડિયાદથી તેમનો મિત્ર આવ્યો હતો. આ મિત્રએ તેની કાર થોડે દુર પાર્ક કરી હતી. આ કાર પર તસ્કરની નજર પડતાં તેનો કાચ તોડી તેમાં રોકડા રૂ.80 હજાર ભરેલી બેગની ઉઠાંતરી કરી ભાગી ગયા હતા. આ અંગે ભાલેજ પોલીસે ગુનો નોંધ્યો હતો.

પણસોરા ગામમાં રહેતાં રાકેશ અશોકભાઈ પંડ્યા મોબાઈલની દુકાન ધરાવે છે. તેઓ 30મી જાન્યુઆરીના રોજ ઘરે હતાં તે સમયે તેમના મિત્ર શૈલેષ મોહનભાઈ દલવાડી (રહે. નડિયાદ) સાંજના સુમારે આવ્યાં હતાં. શૈલેષભાઈએ તેની કાર જુની ગ્રામ પંચાયત પાસે રસ્તા પર પાર્ક કરી હતી. બન્ને મિત્રો વાતચીત કરતાં હતાં તે સમયે જાણવા મળ્યું કે, લીંગડા પાસે બે બેગ બિનવારસી હાલતમાં મળી છે અને તેમાં શૈલેષભાઈને કાર્ડ મળી આવયું છે. આથી, શૈલેષભાઈ ચોંકી ગયા હતા અને તુરંત સ્થળ પર પહોંચ્યાં હતાં. તપાસ કરતાં તે બન્ને થેલા શૈલેષભાઈના જ હતા અને કારમાં મુકીને આવ્યાં હતાં. આથી, તેઓ કાર પાસે જતાં તેમાં કાચ તુટેલો હતો અને ટાયરમાં પણ હવા કાઢી નાંખી હતી. આમ, અજાણ્યા શખસોએ કાચ તોડી તેમાંથી રોકડા રૂ.80 હજાર ભરેલી બેગની ચોરી કરી ભાગી ગયાં હતાં. આ અંગે રાકેશકુમાર પંડ્યાની ફરિયાદ આધારે ભાલેજ પોલીસે ગુનો નોંધ્યો હતો.

'ડિજિટલ ગુજરાત'ના સ્વપ્નને સાકાર કરનાર કર્મીઓની સેવાઓનો અંત

ખેડાના 55 ઈ-ગ્રામ આઉટસોર્સિંગ કર્મચારીને એકાએક છૂટા કરાયાં

ગ્રામ્ય સ્તરે સરકારી યોજનાઓનું અમલીકરણ ખોરવાવાની ભીતિ

(પ્રતિનિધિ) નડિયાદ તા.6

રાજ્ય સરકાર દ્વારા વર્ષ 2007માં તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના મહત્વકાંક્ષી પ્રોજેક્ટ ઈ-ગ્રામ વિશ્વ ગ્રામ યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો, જેનો હેતુ છેવાડાના માનવી સુધી ડિજિટલ સેવાઓ ઝડપથી પહોંચાડવાનો હતો. આ પ્રોજેક્ટ હેઠળ સમગ્ર રાજ્યમાં 1407 કર્મચારીઓ ફરજ બજાવતા હતા, જેમને તાજેતરમાં એકાએક છૂટા કરી દેવામાં આવ્યા છે. આ નિર્ણયની સીધી અસર ખેડા જિલ્લામાં જોવા મળી છે, જ્યાં તાલુકા કક્ષાએ ફરજ બજાવતા ૫૫ જેટલા ટીએલઈ અને એમઆઈએસ કર્મચારીઓની રોજગારી છીનવાઈ ગઈ છે,.

ખેડા જિલ્લામાં આ કર્મચારીઓ ઈ-ગ્રામ પંચાયતોમાં ટેકનિકલ ક્ષતિઓનું નિરાકરણ લાવવા, સર્વરની સમસ્યાઓ ઉકેલવા અને વી.ઈ.સી. (VEC) ને ટ્રેનિંગ આપવા જેવી પાયાની કામગીરી કરતા હતા. આ કર્મચારીઓને દૂર કરાતા જિલ્લાના વિકાસ કામો અને વિવિધ સરકારી યોજનાઓનો લાભ પ્રજા સુધી પહોંચાડવામાં વિલંબ થવાની શક્યતા સેવાઈ રહી છે,. ખાસ કરીને ટેકાના ભાવે ખેડૂતોના પાકની ખરીદી, કૃષિલક્ષી યોજનાઓ અને તાજેતરમાં થયેલા ભારે વરસાદના પાક નુકસાનના વળતરની ચૂકવણીમાં આ કર્મચારીઓએ મહત્વની ભૂમિકા ભજવી હતી.

ખેડા જિલ્લામાં છેલ્લા ઘણા વર્ષોથી આઉટસોર્સિંગ તરીકે નજીવા વેતને ફરજ બજાવતા આ કર્મચારીઓને અચાનક છૂટા કરી દેવાતા તેઓ આર્થિક રીતે કફોડી હાલતમાં મુકાયા છે. ખેડા જિલ્લાના આ કર્મચારીઓમાં સરકારના આ નિર્ણય સામે ભારે આક્રોશ વ્યાપ્યો છે. 'ડિજિટલ ગુજરાત'ના નિર્માણમાં વર્ષો સુધી યોગદાન આપનાર આ કર્મીઓની માંગ છે કે સરકાર માનવીય અભિગમ અપનાવી વહેલી તકે યોગ્ય નિર્ણય લે અને તેમને ઉચિત ન્યાય આપે.

17 વર્ષ અગાઉ એજન્સી દ્વારા નિમાયેલા આ કર્મચારીઓ આકસ્મિક નિર્ણયને કારણે બેરોજગાર થઈ ગયા છે. મોટાભાગના કર્મચારીઓ છેલ્લા દોઢ દાયકાથી સેવા આપી રહ્યા છે, હવે તેમની વયમર્યાદા નવી સરકારી નોકરી માટે વધી ગઈ છે. "જીવનના શ્રેષ્ઠ વર્ષો સરકારના પ્રોજેક્ટ પાછળ આપ્યા બાદ હવે આ પરિવારો પાસે આજીવિકાનું કોઈ સાધન નથી," તેવી લાગણી વ્યક્ત કરવામાં આવી છે.

ઉત્તરસંડા પાસે એક્ટિવા સ્લીપ થતા યુવાનનું મોત

લગ્ન પ્રસંગ પતાવી પરત ફરી રહેલા 27 વર્ષીય યુવકનું ઘટનાસ્થળે જ મોત

(પ્રતિનિધિ) નડિયાદ તા.6

નડિયાદ નજીક ઉત્તરસંડા અને માતરના દલોલીમાં સર્જાયેલા બે અલગ-અલગ અકસ્માતોમાં એક યુવકે જીવ ગુમાવ્યો છે, જ્યારે અન્ય એકને ઈજાઓ પહોંચી છે.

નડિયાદના દાવલિયા પુરામાં લગ્ન પ્રસંગમાં આવેલા કરમસદના અશ્વિનભાઈ મથુરભાઈ પરમાર (ઉ.વ. 27) રાત્રિના 3 વાગ્યાના અરસામાં એક્ટિવા લઈને પરત જઈ રહ્યા હતા. આ દરમિયાન ઉત્તરસંડા બસ સ્ટેન્ડ નજીક આવેલા રોડ બમ્પ પરથી પસાર થતી વખતે તેમનું એક્ટિવા સ્લીપ થઈ ગયું હતું. આ અકસ્માતમાં અશ્વિનભાઈને માથા તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. વડતાલ પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી આગળની તપાસ શરૂ કરી છે.

દલોલીમાં ટ્રેક્ટરની ટક્કરે બાઈક સવાર ઈજાગ્રસ્ત

માતર તાલુકાના દલોલી ગામે રહેતા નિકુલ અંબાલાલ પરમાર પોતાની મોટરસાયકલ પર ગામની દુકાનેથી પરત ફરી રહ્યા હતા. આ સમયે હારા ભરવાડના ઘર પાસે એક ટ્રેક્ટરે તેમની બાઈકને જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કરને કારણે નિકુલભાઈ રોડ પર પટકાયા હતા અને તેમને શરીરે ઈજાઓ પહોંચી હતી. આ સંદર્ભે લીંબાસી પોલીસે ટ્રેક્ટર ચાલક વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

નડિયાદમાં 'ક્રિભકો' દ્વારા 'સહકારી શિક્ષણ પરિષદ' યોજાઇ

'સહકારથી સમૃદ્ધિ'ના મંત્રને સાકાર કરવા પર ભાર મુકાયો

(પ્રતિનિધિ) નડિયાદ તા.6

નડિયાદ ખાતે કૃષક ભારતી કો-ઓપરેટિવ લિમિટેડ (KRIBHCO) દ્વારા 'સહકારી શિક્ષણ પર પરિષદ'નું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સહકારી ક્ષેત્રના અગ્રણીઓએ ઉપસ્થિત રહીને સહકાર દ્વારા છેવાડાના માનવીના આર્થિક ઉત્થાન અને ખેડૂતોને સ્વાવલંબી બનાવવા પર વિશેષ ભાર મૂક્યો હતો.

આ કાર્યક્રમના મુખ્ય અતિથિ અને ક્રિભકોના ડિરેક્ટર બીપીનભાઈ ગોતાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિવિધ યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચે અને તે આર્થિક રીતે સમૃદ્ધ બને તે સહકારી ક્ષેત્રનો મુખ્ય ઉદ્દેશ્ય છે. આ પ્રસંગે કે.ડી.સી.સી. બેંકના ચેરમેન તેજશભાઈ પટેલે 'સહકારથી સમૃદ્ધિ'ના સ્વપ્નને સાકાર કરવા પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે, સહકારી સંસ્થાઓ ખેડૂતોને સ્વાવલંબન તરફ દોરી જશે.

આ પરિષદનો મુખ્ય ઉદ્દેશ્ય સહકારી ક્ષેત્રમાં શિક્ષણ, તાલીમ અને ક્ષમતા નિર્માણને પ્રોત્સાહન આપવાનો હતો. આ કાર્યક્રમ દરમિયાન ગ્રામીણ વિકાસ, યુવાનોની ભાગીદારી અને આધુનિક સમયમાં સહકારી સંસ્થાઓ સામેના પડકારો અને તકો વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

આ પ્રસંગે નડિયાદના ધારાસભ્ય પંકજભાઈ દેસાઈ, અમૂલ ડેરીના ભૂતપૂર્વ ચેરમેન વિપુલભાઈ પટેલ, અને નડિયાદ તાલુકા ખરીદ-વેચાણ સંઘના ચેરમેન દીગવેન્દ્રસિંહ વાઘેલા સહિત સહકારી ક્ષેત્રના અનેક મહાનુભાવો અને પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. આયોજકોના મતે, આ કાર્યક્રમ સહકારી આંદોલનને નવી ઊર્જા અને દિશા આપશે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225